દાન અસંખ્ય
પાપોને ઢાંકી દેવાનું
સાધન છે
- પીટર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૩ | ૧૪ મે, ૨૦૧૩, મંગળવાર; વૈશાખ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ચોથા સેમેસ્ટરનું પરિણામ : પ્રથમ વખત ચારેય સેમેસ્ટરનું સંયુક્ત માર્કશીટ અપાશે**

# ગાંધીનગર શહેરનું ૯૬.૪૧ અને જિલ્લાનું ૯૬.૦૧ ટકા

## જિલ્લામાં સૌથી શ્રેષ્ઠ પરિણામ ૯૯.૭૦ ટકા : વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ છવાયો

ગાંધીનગર, તા. ૧૩
ગાંધીનગર કેન્દ્રનું ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૬.૪૩ ટકા આવ્યું છે જ્યારે જિલ્લાનું પરિણામ ૯૬.૦૧ ટકા આવતાં શિક્ષણજગતમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

બોર્ડ દ્વારા આજે સવારે આ પરિણામની વિધિવત્ ઘોષણા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ફિઝીક્સ, કેમેસ્ટ્રીના વિષયોમાં ધાર્યા ગુણાંક પ્રાપ્ત થયા નથી.

આજે જાહેર થયેલ પરિણામ મુજબ ગાંધીનગર કેન્દ્રમાં ૪૩૧૮ વિદ્યાર્થી નોંધાયા હતા. જે પૈકી ૪૨૯૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પૈકી ૪૧૩૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે જ્યારે ૧૫૩ વિદ્યાર્થીઓ અનુત્તીણ થયા છે.

ગાંધીનગર શહેરમાં સારૂ પરિણામ આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

બોર્ડના આજે જાહેર થયેલ પરિણામમાં વિજ્ઞાન પ્રવાહના મુખ્ય વિષયો ગણાતા ફિઝીક્સ, કેમેસ્ટ્રી, ગણિત, બાયોલોજી પૈકી એક પણ વિષયનું પરિણામ ૧૦૦ ટકા નથી આવ્યું જેને કારણે વિદ્યાર્થીઓના પરિણામ પર તેની અસરો જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓને તેમના

● અનુસંધાન પાન-૭ પર

### શહેરની શાળાઓનું પરિણામ

| શાળા | બેઠા | પાસ | ટકાવારી |
|---|---|---|---|
| સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર | ૫૬૫ | ૫૬૫ | ૧૦૦ |
| ઈન્ફોસીટી (અંગ્રેજી માધ્યમ) | ૨૬૯ | ૨૬૯ | ૧૦૦ |
| સે. ૨૩ શેઠસી.એમ. હાઈસ્કૂલ | ૩૪૯ | ૩૪૭ | ૯૯.૪૨ |
| એમ.બી.પટેલ સ્કૂલ, સે. ૨૩ | ૧૧૭ | ૧૧૩ | ૯૬.૫૫ |
| આર.જી. પટેલ સ્કૂલ | ૧૬૪ | ૧૫૮ | ૯૬.૩૪ |
| આર.સી.પટેલ સ્કૂલ | ૩૦૭ | ૨૯૫ | ૯૬.૦૮ |

### જિલ્લામાં એ-૧ ગ્રેડમાં માત્ર એક જ વિદ્યાર્થીની

વેદ ઈન્ટરનેશલની વિદ્યાર્થીની નિલમ મણીભાઈ ચૌધરી એક માત્ર વિદ્યાર્થીની છે જેને જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે અર્થાત્ જિલ્લામાં પ્રથમ સ્થાને રહી છે જ્યારે એ-૨ ગ્રેડમાં સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ૩૪, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના ૩૨, સી.એમ. વિદ્યાલયના ૧૬ વિદ્યાર્થીઓ સ્થાન પ્રાપ્ત કરે છે.

## એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર નિલમને મિકેનિકલ એન્જિનિયર બનવું છે




### જિલ્લામાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થિની મોખરે

### સફળતાનો યશ સ્કૂલની ફેકલ્ટીઝને આપ્યો

ગાંધીનગર, તા. ૧૩
ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં સમગ્ર જિલ્લામાં એ-વન ગ્રેડ પ્રાપ્ત કરનાર એકમાત્ર વિદ્યાર્થિની નિલમ ચૌધરીને આગળ મીકેનિકલ એન્જિનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ કરવો છે. નિલમ જે.ઈ.ઈ.ની પરીક્ષામાં પણ પસંદગી પામી છે. તેણી પોતાની સફળતાનો યશ સ્કુલના ફેકલ્ટીઝ તેમજ પરિવારજનોને આપે છે.

ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૯૬.૦૧ ટકા જેટલું ઉંચુ આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



ખુશનુમા સાંજ - ગાંધીનગર - ગ્રીષ્મ, ગરમાળો અને ગુલમહોરથી મ્હોરી અને મહેંકી ઉઠે છે... છેલ્લા થોડાક દિવસોથી ગરમીમાં આંશિક રાહત મળી છે પરંતુ સાંજે થોડા બફારાનો અનુભવ પણ ગાંધીનગરાઓ અનુભવી રહ્યા છે... ગાંધીનગરની સાંજ એટલી જ ખુશનુમા જોવા મળે છે... ગાંધીનગરના વિવિધ સર્કલો અને બગીચાઓમાં ગાંધીનગરાઓ રાત્રે સહેલ કરવા આવે છે... એટલું જ નહિં ઘરેથી નાસ્તો કે ટીફીન લઈને ઘ-૪ પાસે આવેલા બગીચામાં અને સ્વર્ણિમ પાર્કમાં આવે છે અને એયને મજાની લ્હેજતથી પરિવાર સાથે મોજ માણે છે.... ગાંધીનગરનો ઘ-૪ વિસ્તાર રાત્રે ધબકતો બને છે.... (તસવીર : દિપક જાની)


# ગુજકેટના આધારે મેડિકલમાં પ્રવેશનો હુકમ

## નીટની કાયદેસરતાને પડકારતી ખાનગી મેડિકલ કોલેજો દ્વારા દાખલ કરાયેલી અરજી અંગે જુલાઈમાં અંતિમ ચુકાદો : નીટનો વિરોધ કરનારની મોટી જીત

નવી દિલ્હી,તા. ૧૩
સુપ્રીમ કોર્ટે આજે વર્તમાન શૈક્ષણિક વર્ષમાં લેવામાં આવી ચુકેલી પ્રવેશ પરીક્ષાને લઈને મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો હતો જેના કારણે મેડિકલમાં પ્રવેશ લેવા ઈચ્છુક ગુજરાતના હજારો વિદ્યાર્થીઓને પણ મોટી રાહત થઈ હતી. સુપ્રીમ કોર્ટે વચગાળાનો ચૂકાદો આપતા જણાવ્યુ હતુ કે ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને ગુજકેટની પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે મેડિકલના જુદા જુદા અભ્યાસક્રમમાં પ્રવેશ આપી શકાશે. આની સાથે જ નીટનો વિરોધ કરનાર વિદ્યાર્થીઓને સુપ્રીમ કોર્ટમાં મોટી સફળતા હાથ લાગી છે. જો કે સુપ્રીમ કોર્ટનો આદેશ વચગાળાનો હોવાથી ચાલુ વર્ષ પુરતો જ રહેશે અને ગુજકેટમાં પ્રવેશની કાર્યવાહી ચાલુ વર્ષ પુરતી જ રહેશે. સુપ્રીમ કોર્ટે ઠેરવ્યુ હતુ કે અન્ડર ગ્રેજ્યુએટ કોર્સ એમબીબીએસ અને બીડીએસ માટે નીટના ભાવિ અંગેનો ફેંસલો જુલાઈના પ્રથમ સપ્તાહમાં આપવામાં આવશે. આજના ચુકાદાને ઉત્સુકતા પૂર્વક રાહ જોવામાં આવી રહી હતી કારણ કે ગુજરાતમાં વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરી દેવામાં આવ્યુ હતુ. સુપ્રીમ કોર્ટે અંતિમ ચુકાદો બીજી જુલાઈના દિવસે આપવાનો નિર્ણય કર્યો છે જેના ભાગરૂપે રાજ્યસ્તરની ગુજકેટ જેવી મેડિકલ પ્રવેશ પરીક્ષા મારફતે મેડિકલમાં પ્રવેશ આપવા સાથે સંબંધિત નિર્ણય થશે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા કરાયેલા નિર્ણય મુજબ નીટના આધારે પ્રવેશ મળે તે જરૂરી છે. ગુજરાતમાં દર વર્ષે ૨૦૦૦૦થી વધુ વિદ્યાર્થી ગુજકેટની પરીક્ષા આપી રહ્યા છે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ફેબ્રુઆરી ૨૦૧૨માં એક જાહેરનામુ જારી કર્યુ હતુ અને કહ્યુ હતુ કે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) ફરજિયાત પણે લેવામાં આવે તે જરૂરી છે. જેના કારણે ગુજરાત સહિત દેશભરમાં હોબાળો મચી ગયો હતો. આ મામલાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૧૩મી ડિસેમ્બર ૨૦૧૨ના આદેશમાં પણ સુધારો કર્યો છે. જેમાં જણાવાયુ હતુ કે મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે સાથે રાજ્યો, યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓ એમબીબીએસ, બીડીએસ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે તેમની સંબંધિત પરીક્ષાઓ યોજવા માટે અધિકાર ધરાવે છે પરંતુ જ્યાં સુધી વધુ ચુકાદો આપવામાં ન આવે ત્યાંસુધી પરિણામ જાહેર કરવામાં ન આવે. ચીફ જસ્ટિસ અલ્તામસ કબીરના નેતૃત્વમાં બેંચે કહ્યુ હતુ કે હોસ્પિટલના હિતોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. કારણ કે તેમના પ્રવેશ દ્વાર પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓને દર્દીઓની સંભાળ લેવા ફરજ પર મુકવામાં આવશે. જસ્ટીસ એઆર દવે અને વિક્રમજીત સેન પણ આમાં હતા. નીટની કાયદેસરતાને પટકાર ફેંકી ખાનગી મેડિકલ કોલેજો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ અંગે જુલાઈમાં પ્રથમ સપ્તાહમાં ચુકાદો અપાશે.

### વિદ્યાર્થીઓને રાહત...

- એમબીબીએસ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં પરિણામ જાહેર કરવાનો માર્ગ મોકળો
- આ વર્ષે મેડિકલમાં ગુજકેટના આધારે પ્રવેશ
- નીટનો વિરોધ કરેલા વિદ્યાર્થીઓને અંતે મોટી રાહત મળી
- જે વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપી ચુક્યા છે તેમને ગુજકેટના આધારે જ પ્રવેશ આપવો પડશે
- નીટ અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા બીજી જુલાઈએ અંતિમ ચુકાદો અપાશે
- સુપ્રીમ કોર્ટે નીટની કાયદેસરતાને પડકારતી ખાનગી મેડિકલ કોલેજોની અરજી પર ચુકાદો આપ્યો
- એમબીબીએસ અને બીબીએસ માટે નીટનું ભવિ અધ્ધરતાલ થયુ
- સુપ્રીમની બેચે મહત્વપૂર્ણ તારણો આપ્યા
- નિર્ધારિત ગાળામાં આ મુદ્દાને હાથ ધરવાની બાબત શક્ય નહીં હોવાની કબૂલાત કરાઈ
- સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે



કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના ત્રીજા દિવસે ભારતીય ફિલ્મ સંગીતના ટોચના રોક, પોપ અને સુફી ગીત-સંગીતના ટોચના કલાકાર યુવાનોમાં પ્રસિદ્ધ થયેલ જાદુઈ અવાજના માલિક કૈલાસ ખેરે 'કૈલાસા બેન્ડ' સાજીંદાઓ સાથે નાનોનસ્ટોપ બે કલાકના રોકીંગ પર્ફોર્મન્સથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા... (તસવીર : દિપક જાની)

## આજે મનપાની ખાસ સામાન્ય સભા

### ભાજપ હવે વિધિવત્ સત્તાધારી પક્ષ તરીકેનું સ્થાન પાછલા બારણે મેળવશે

ગાંધીનગર, તા. ૧૩
ગાંધીનગર મહાનગરપાલિકાની આજે ખાસ સામાન્ય સભા બપોરે ૧૧ વાગે કોર્પોરેશનના સભાખંડમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષસ્થાને મળશે.

મહાનગરપાલિકાની રચના થયાને બે વર્ષના ગાળામાં પ્રથમવાર ખાસ સામાન્ય સભા યોજવામાં આવી રહી છે. જે સભા સભ્યોની માંગણી આવતાં યોજવામાં આવી રહી છે.

આ ખાસ સામાન્ય સભામાં સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવનાર છે તેમજ ગત સામાન્ય સભાની થયેલ કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવશે.

સ્ટેન્ડીંગ કમિટીના નિવૃત્ત થતા સભ્યોની ચૂંટણી વખતે મેયર અને તેમના બે સાથીઓએ કરેલા પક્ષાંતર પછી તેમના મત બંધ કવરમાં રાખવા જોઈએ તેવા વડી અદાલતના હુકમ બાદ અદાલતે આ કવર ખોલી નાખી મતગણતરીનું પરિણામ જાહેર કરવા માટે કરેલા આદેશને પગલે આ સામાન્ય સભા બોલાવવામાં આવી છે.

છ માસ પૂર્વે મેયર શ્રી રાણા અને તેમના બે સાથી સભ્યોએ કરેલા પક્ષાંતર બાદ પ્રથમવાર ભાજપના સભ્યો સ્ટેન્ડીંગ કમિટીમાં સ્થાન મેળવશે. આ સભ્યો આજે ચૂંટાયેલા જાહેર થતાં જ ભાજપ હસ્તકની કોર્પોરેશન બનશે.

**આકર્ષક બિઝનેસ**
પાર્ટ ટાઈમ / ફુલટાઈમ
MNC સાથે બિઝનેસ તક
હાઉસ વાઈફ, વેપારી, નોકરીયાત, રીટાયર્ડ, વિદ્યાર્થીઓ (૧૮ વર્ષ ઉપરના માટે)
નો-ઈન્વેસ્ટમેન્ટ, અનલીમીટેડ કમાવો
સંપર્ક કરો
મો. ૮૪૬૦૫૮૦૩૮૬
મો. ૮૪૬૯૧૭૦૯૦૩

## પેટા ચૂંટણીઓ માટે ભાજપના ચાર ઉમેદવારોની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૩
ભાજપ દ્વારા આજે પેટા ચૂંટણીઓ માટે ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવતા આવતીકાલે ભાજપના ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્રો ભરશે.

પેટા ચૂંટણીઓ જાહેર થયા બાદ પ્રદેશ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા લોકસભાની બે બેઠકો અને વિધાનસભાની ચાર બેઠકો માટે સંભવિત ઉમેદવારોના નામોની પેનલ યાદી તૈયાર કરીને મોવડીમંડળની મંજુરી અર્થે મોકલી આપવામાં આવી હતી.

ભાજપ મોવડીમંડળ દ્વારા પ્રદેશ નેતાઓ સાથે પરામર્શ કરીને ઉમેદવારોના નામો પર પરામર્શ કરીને આખરી ઉમેદવારોના નામો પસંદ કરીને આજે ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયેલા પિતા પુત્ર વિઠ્ઠલ રાદડીયા અને જયેશ રાદડીયાના નામો પર મોવડીમંડળે મંજુરીની મહોર મારી છે. આ ઉપરાંત ભાજપે ધોરાજી માટે પ્રવીણભાઈ માકડીયા અને લીંબડી બેઠક પર કિરીટસિંહ રાણાની પસંદગી કરી છે. જિલ્લાના આગેવાનોની ઉપસ્થિતિમાં આવતીકાલે ભાજપના ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્રો ભરશે.

**જાહેર આભાર**



ભરતભાઈ લીલાભાઈ રબારી
પ્રમુખ
દહેગામ નગરપાલિકા



હિતેન્દ્ર લક્ષ્મણજી મકવાણા
ઉપપ્રમુખ
દહેગામ નગરપાલિકા

અમો દહેગામ શહેર કોંગ્રેસ સમિતિ, દહેગામ નગરપાલિકા કોંગ્રેસના સભ્યો તેમજ દહેગામ શહેરના સમગ્ર નાના-મોટા કાર્યકર્તાઓ તથા મિત્રો, સગા-સંબંધીઓ, સ્નેહીજનો, હિતેચ્છુઓ તથા પ્રત્યક્ષ - પરોક્ષ રીતે અમોને જે સાથ સહકાર આપ્યો અને અમારામાં વિશ્વાસ મુક્યો તે વિશ્વાસને અમો સંપૂર્ણ વફાદારીપૂર્વક નિભાવીશું.

અમો આપ સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ...